જા.ન/પગાર/ડેટા/મે/૨૦૨૨/૬૨૦૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૫/૦૫/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/
સંસ્કૃત પાઠશાળા તરફ.

વિષય:- માહે મે ૨૦૨૨ પેઈડ ઈન જુન-૨૦૨૨ માટે પગારનાં ડેટા રજુ કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આ કચેરી હસ્તક આવેલ સુરત જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળા માટે માહે મે ૨૦૨૨ પેઈડ ઈન જુન-૨૦૨૨ માટે પગારનાં ડેટા નીચે મુજબની તારીખે સ્વીકારવામાં આવશે.તે મુજબ સમય મર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ/વાર | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૬/૦૫/૨૦૨૨ શુક્રવાર | ૧ થી ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કુલ,નાનપુરા,સુરત | સવારે ૧૦-૩૦ થી ૦૨-૩૦ સુધી |

નોંધ:-પગાર ડેટા રજુ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

- પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજુ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજુ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજુ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી આપી મોકલવાનાં રહેશે. પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા ડેટા રજુ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ.જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.
- માહે-એપ્રિલ-૨૦૨૨ નું ઓનલાઈન બીલની પ્રિન્ટ કાઢી તેનો સંપૂર્ણ અભ્યાસ કરી પગાર ડેટા રજુ કરવાનાં રહેશે. ડેટા રજુ કર્યા બાદ તેમાં સુધારા વધારા થઇ શકશે નહિ. સમયમર્યાદા બાદ ડેટા સ્વીકારવામાં આવશે નહિ.
- શાળા દ્વારા રજુ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.
- શાળા દ્વારા રજુ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર,બજેટ કોડ,ડેટા ટાઇપ,કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે.જેની ખાસ નોંધ લેશો.
- મોંઘવારી ભથ્થાની રકમ ડેટા પત્રક -૧૨ માં રજુ કરવાનાં રહેશે.

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત,જિલ્લો-સુરત.

જા.નં.પગાર/ડી.એ. તફાવત/માહે–જુલાઈ –૨૦૨૧ તથા નવેમ્બર–૨૦૨૧/૬૨૦૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન–૨,એ–બ્લોક,
ત્રીજો માળ,અઠવાલાઈન્સ,સુરત.
તા.૦૫/૦૫/૨૦૨૨

નકલ રવાના જાણ તથા અમલ સારૂ:

૨/– સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક વલભ/૧૦૨૦૧૯/જીઓઆઈ/૧૦–ચ,તા.૦૨/૦૫/૨૦૨૨ અન્વયે તા.૧/૭/૨૦૨૧થી મોંઘવારીભથ્થુ ૨૮% ના ૩૧%(૩%)નો વધારો રોકડમાં ચુકવવા જાહેર થયેલ છે.

૩/– માહે જુલાઈ–૨૦૨૧ તથા નવેમ્બર–૨૦૨૧ના પાંચ માસના ૩%ના મોંઘવારી ભથ્થા તફાવતના પ્રથમ હપ્તા તરીકેના ડેટા નીચે જણાવેલ સુચના અનુસાર માહેઃ મે–૨૦૨૨ના પગાર ડેટા પત્રકમાં રજુ કરવાના રહેશે.

૪/– ડેટા પત્રક–૧૨માં તા.૦૧/૦૭/૨૦૨૧ થી ૩૦/૧૧/૨૦૨૧ સુધીના કુલ પાંચમાસના તફાવતની રકમ રોકડમાં દર્શાવવી.

૫/– ડેટા પત્રક ૧૨માં **EMP.NO./NAME** ની સામે **E-15 Add.D.A.** રૂા.(કુલ મળવાપાત્ર રકમ) દર્શાવવી.

૬/– **શાળાના કર્મચારીઓના કોમ્પ્યુટર એમ્પ્લોઈ નંબર ક્રમાનુસાર ડેટા પત્રક તેમજ માહિતી પત્રકમાં સળંગ દર્શાવવા રહે. (માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક એમ્પ્લોઈ નંબર ક્રમાનુસાર એકત્ર દર્શાવવાના રહેશે.)**

૭/– જે કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મુજબ સુધારેલ પગાર ધોરણમાં પગાર મંજુર થયેલ હોય અને ચાલુ પગારમાં પગાર મળતો થયેલ હોય તેને ધ્યાને લઈ આ મોઘવારી ભથ્થા તફાવત વધારો આકારવાનો રહેશે. ડેટા પત્રક પાછળ ઉકત ક્રમ નં.૨માં જણાવેલ નાણાં વિભાગનો ઠરાવ તથા કયા માસનું એરીયર્સ ડેટા પત્રક આકારવામાં આવેલ છે. તે બાબતનું પ્રમાણપત્ર આચાર્યશ્રીના સહિ/સિકકા કરાવી રજુ કરવું.

૮/– **ડેટાપત્રક A 4 સાઈઝમાં જ રજુ કરવાના રહેશે. અને બે એમ્પ્લોઈ નંબર વચ્ચે એક લીટી છોડીને જ દર્શાવવાનું રહેશે. અને ફોન્ટ સાઈઝ ૧૬માં દર્શાવવાનું રહેશે. તફાવતની વિગત A 4 સાઈઝના એક જ પેજ ઉપર વધુમાં વધુ ત્રણ કે ચાર કર્મચારીઓની ગણતરી આવરી લઈ તે મુજબ પત્રક રજુ કરવાના રહેશે.**

૯/– મોંઘવારી ભથ્થામાં ૫૦(પચાસ)પૈસા અને તેના કરતા વધુ પૈસાની ચુકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦(પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવાની રહેશે નહી.

ઉપર પ્રમાણેના ડેટા પત્રક નીચે જણાવેલ નમૂના મુજબના તફાવત પત્રક સાથે નીચે જણાવેલ તારીખ મુજબ શાળાઓએ અચૂક રજુ કરવાના રહેશે. જણાવેલ તારીખ/સમય સિવાય ડેટાપત્રકો સ્વીકારવામાં આવશે નહી. ડેટાપત્રક / માહિતી શાળાનાં જાણકાર કર્મચારી સાથે મોકલવાના રહેશે. શાળાના પટાવાળા સાથે પગારબીલ/ડેટાપત્રક મોકલવા નહી. જેની નોંધ લેશો.

હિસાબી અધિકારી(વર્ગ–૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત જિલ્લો,સુરત

## મોંઘવારી તફાવત પત્રકનો નમુનો

| અ. નં. | EMP. `NO. | NAME | માસ/વર્ષ | બેઝીક પગાર | ચુકવવા પાત્ર મોંઘવારી ભથ્થાની રકમ (૩૧%) | ચુકવેલ મોંઘવારી ભથ્થાની રકમ (૨૮%) | મોંઘવારી ભથ્થુ તફાવતની રકમ (૩%) |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુલાઈ–૨૦૨૧ | | | | |
| | | | ઓગષ્ટ–૨૦૨૧ | | | | |
| | | | સપ્ટેમ્બર–૨૦૨૧ | | | | |
| | | | ઓકટોબર–૨૦૨૧ | | | | |
| | | | નવેમ્બર–૨૦૨૧ | | | | |

તા.૧/૭/૨૦૨૧ થી રાજ્ય સરકારના કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨/૫/૨૦૨૨

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૧૬/૫/૨૦૦૮ નો ઠરાવ ક. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ

(૨) નાણા વિભાગનો તા. ૨૨/૯/૨૦૨૧ નો ઠરાવ ક. વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ

(૩) ભારત સરકારનો તા. ૨૫/૧૦/૨૦૨૧ નો કચેરી હુકમ નં. ૧/૪/૨૦૨૧/ઇ.૨(બી)

## //ઠરાવ//

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર, સંદર્ભ (૨) માં દર્શાવેલ તા. ૨૨/૯/૨૦૨૧ ના સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને તા. ૧/૭/૨૦૨૧ ની અસરથી ૨૮% ના દરે મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. ઉપર સંદર્ભ (૩) માં દર્શાવેલ ભારત સરકારના તા. ૨૫/૧૦/૨૦૨૧ ના ઓફીસ મેમોરેન્ડમથી, કેન્દ્ર સરકારના કર્મચારીઓ કિસ્સામાં, તા. ૧/૭/૨૦૨૧ ની અસરથી હાલમાં ચુકવવામાં આવતા મોંઘવારી ભથ્થાના ૨૮% ના દરમાં વધારો કરી ૩૧% ના દરે મોંઘવારી ભથ્થુ ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન ૨૮% ના દરમાં તા. ૧/૭/૨૦૨૧ ની અસરથી વધારો કરી, ૩૧% કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| તા. ૧/૭/૨૦૨૧ થી | મૂળ પગારના ૩૧% |

નાણા વિભાગના તા. ૧૬/૮/૨૦૧૬ ના ઠરાવની જોગવાઇ અનુસાર રાજ્ય સરકારના નિર્ણય અનુસાર અન્ય હુકમો ન થાય ત્યાં સુધી મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય તમામ ભથ્થાઓ

સુધાર્યા પૂર્વેના એટલે કે છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર માળખામાં મળતા પગાર અને દર મુજબ મળવાપાત્ર થશે.

કર્મચારીઓના કિસ્સામાં, મે-૨૦૨૨ માસથી ૩૧% મુજબનું મોંઘવારી ભથ્થુ માસિક પગાર સાથે નિયમિત રીતે તથા સુચિત મોંઘવારી ભથ્થાના જુલાઇ-૨૦૨૧ થી એપ્રિલ-૨૦૨૨ સુધીના કુલ ૧૦ માસના તફાવતની રકમ, બે હપ્તામાં (૧) પ્રથમ હપ્તો (જુલાઇ-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૧) મે-૨૦૨૨ ના પગારની સાથે તથા (૨) બીજો હપ્તો (ડીસેમ્બર-૨૦૨૧ થી એપ્રિલ-૨૦૨૨) જુન-૨૦૨૨ ના પગારની સાથે, ચુકવવાની રહેશે.

પેન્શનરોના કિસ્સામાં, મે-૨૦૨૨ માસથી ૩૧% મુજબનું મોંઘવારી ભથ્થુ માસિક પેન્શન સાથે નિયમિત રીતે તથા સુચિત મોંઘવારી ભથ્થાના જુલાઇ-૨૦૨૧ થી એપ્રિલ-૨૦૨૨ સુધીના કુલ ૧૦ માસના તફાવતની રકમ બે હપ્તામાં (૧) પ્રથમ હપ્તો (જુલાઇ-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૧) મે-૨૦૨૨ ના પેન્શનની સાથે તથા (૨) બીજો હપ્તો (ડીસેમ્બર-૨૦૨૧ થી એપ્રિલ-૨૦૨૨) જુન-૨૦૨૨ ના પેન્શનની સાથે, ચુકવવાની રહેશે.

રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓને તા. ૧/૭/૨૦૨૧ થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થુ તથા તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

રાજ્ય સરકારના પેન્શનરોને તા. ૧/૭/૨૦૨૧ થી મળવાપાત્ર હંગામી વધારાના તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં.

આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ તથા પંચાયત કર્મચારીઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન સરકારી શાળાઓ/સંસ્થાઓ જેમના કર્મચારીઓને રાજ્ય સરકારની મંજુરીથી સાતમા પગારપંચ પ્રમાણે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે તેવા કર્મચારીઓને લાગુ પડશે.

આ હુકમોનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ કર્મચારીઓ તેમજ કામ પુરતા મહેકમ પરના કર્મચારીઓ જેમને સાતમા પગારપંચ મુજબ પગારસુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને મળવાપાત્ર થશે.

પંચાયતો દ્વારા તેમના કર્મચારીઓને મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ, આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ તે શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે આ રીતે મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આ હુકમો અખિલ ભારતીય સેવા (AIS) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેશ પી. ધોળકીયા)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

નકલ રવાના પ્રતિ:

- માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન .મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન .વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

---

ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૨/૧૫૭૪-૧૬૦૮
કમિશનર શાળાઓની કચેરી
બ્લોક-૯/૧, ડૉ. જી.મ. ભવન,
ગુ.રા. ગાંધીનગર.
તા. ૦૪/૦૫/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી તમામ,

જાણ અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓ માટે જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા. ગાંધીનગર

- નકલ રવાના :-
  - મેનેજરશ્રી, ઈન્ડેક્ષ-બી, ઉદ્યોગભવન, ગાંધીનગર